અપીલ અરજી નં.૩૮૪, તા.૪–૩–૦૯

અરજદારઃ શ્રી પટેલ કાંતિલાલ હરિલાલ
સામાવાળાઃ ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પટેલ કાંતિલાલ હરિલાલની તા.૨૨–૧–૦૯ ની અરજીથી અંબાનગરમાં આવેલ મુખ્ય તથા આંતરિક રસ્તાઓ છેવટે કયારે રીકાર્પેટ થયા અને વારંવાર ખોદાયા બાદ તેની હાલત જોતા હવે કયારે ફરી રીકાર્પેટ થશે.વિગેરે પ્રશ્નો અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૪–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૮૪/૨૦૦૮–૦૯

શ્રી પટેલ કાંતિલાલ હરિલાલની તા.૨૨–૧–૦૯ ની અરજીથી અંબાનગરમાં આવેલ મુખ્ય તથા આંતરિક રસ્તાઓ છેવટે કયારે રીકાર્પેટ થયા અને વારંવાર ખોદાયા બાદ તેની હાલત જોતા હવે કયારે ફરી રીકાર્પેટ થશે. વિગેરે પ્રશ્નો અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં માહિતી આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૬ તા.૧૩–૩–૦૯ થી ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૧૭ તા.૨૫–૩–૦૯ થી પૂરક માહિતી મળેલ છે.

અરજદારની તા.૨૨–૧–૦૯ ની અરજી સંદર્ભે તા.૪–૩–૦૯ ના રોજ કરેલ અપીલ અરજીમાં સમય અવધિમાં માહિતી નહીં મળ્યાની રજુઆત કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૫૨૬ તા.૧૬–૨–૦૯ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે અને તે માહિતી અરજદારે સ્વીકારેલ એકનોલેજમેન્ટ સ્લીપ રજુ કરેલ છે જેમાં અરજદારે તા.૧૮–૨–૦૯ ના રોજ સહી કરેલ છે. આથી અરજદારે સમય મર્યાદામાં માહિતી નહીં મળ્યાની રજુઆતનું ખંડન કરે છે. આ રીતે અરજદારની મુળ અરજી મુજબની માહિતી તેમજ અપીલની રજુઆતની માહિતી સબંધે કોઈ માહિતી નહીં પૂરી પડાયેલ હોઈ એવું જણાતી નથી.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી તેમજ અપીલ અરજીમાં અરજદારને સમય મર્યાદામાં નહીં મળેલી માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાથી અરજદારને માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પટેલ કાંતિલાલ હરિલાલ,